Powered By:
IT Center
AAU,Anand

registrar aau <registrar@aau

# લોકસભા/વિધાનસભાની સામાન્ય/પેટા ચૂંટણીમાં ચૂંટણી ફરજ પર નિયુક્ત અધિકારી/કર્મચારીઓને ફરજ દરમિયાન કોવિડ-૧૯ સંક્રમણના કારણે મૃત્ કિસ્સામાં રૂ.૩૦.૦૦ લાખ ઉચ્ચક સહાય ચુકવવા અને BEL/ECIL ના એન્જિનીયરોને પણ ચૂંટણી ફરજ પરના સ્ટાફ સમકક્ષ ગણી ઉચ્ચક સહાય દાયરામા

**Madhuri Shah (GoG-Agriculture Dept.)** <so-m3-agri@gujarat.gov.in> Thu, Nov 10, 2022 at 1

To: "CEO, SUPERVISION & AUDITE COMMITTEE" <exoff-agri-ahd@gujarat.gov.in>, "gsctribunal@gmail.com" <gsctribunal@gmail.com>, "gauseva.gov@gmail.com" <gauseva.gov@gmail.com>, "Dr. P P Patel ( agri council )" <saucouncil@gmail.com>, "vc.goau@gmail.com" <vc.goau@gmail.com>, "Dr. H N Kher ( Registrar SDAU )" <registrar@sdau.edu.in>, "Dr.R L Shilani (Registrar JAU )" <registrar@jau.in>, "Dr. P R Vaishnav ( Registrar AAU )" <registrar@aau.in>, "gsamboard2017@gmail.com" <gsamboard2017@gmail.com>, "B J Paramar ( Gusheel )" <gswdcgandhinagar@yahoo.com>, "GSWC ltd.." <aogswc@yahoo.co.in>, MD GAICL <md.gaicl@gmail.com>, bij nigam <md@gurabini.com>, "D.K. Parekh IAS (GoG-GSLD Dept.)" <md-gsld@gujarat.gov.in>, "directorsugar@gmail.com" <directorsugar@gmail.com Commi-Fisheries <commi-fisheries@gujarat.gov.in>, "Dharmendra Shah (GoG-Agriculture Dept.)" <rcs@gujarat.gov.in>, "Dr. P.M.Vaghasiya(GoG-Agriculture Dept.)" <dir-bag@gujarat.gov.in>, "DIR-AH-GUJ(GoG-Agriculture Dept.)" <dir-anml@gujarat.gov.in>, "S.J.Solanki (GOG-Agri Dept.)" <dir-agr@gujarat.gov.in>, "director.apmc2018@gmail.com <director.apmc2018@gmail.com>, Atma <sameti.gujarat@gmail.com>, bij pramaanan <gsscatech5@gmail.com>, Regitsrar NAU <registrar@nau.in>, "VC@KAMDHENUUNI.EDU.IN" <VC@kamdhenuuni.edu.in>, Sudhir Upadhyay <ds-bud-agri@gujarat.gov.in>, "Rajesh Joshi (GoG-Agricultural Dept.)" <ds-appeal-agri@gujarat.gov.in>, "K N Trivedi (GoG-Agriculture Dept.)" <ds-anihus-agri@gujarat.gov.i "Anita P Zula (GoG-Agriculture Dept.)" <ds-esta-agri@gujarat.gov.in>, K V Patel <ds-credi agri@gujarat.gov.in>, "Mahendra R. Soni (GoG-Agricultural Dept.)" <ds-coop-agri@gujarat.gov.in>, "Sudhir Upadhyayi(GoG-Agri Dept.)" <dsagri-uni-gnr@gujarat.gov.in "Ku.kanan h pandya" <ds-agri-gnr@gujarat.gov.in>

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે સામાન્ય વહીવટ વિભાગનો તા.૦૧/૧૧/૨૦૨૨ નો ઠરાવ ક્રમાંક:ઇએલસી/૧૦૨૦૧૪ ઇસીઆઇ-૬૨/છ(એમસીસી) જે જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે આ સાથે સામેલ છે.

Office of the Registrar
A.A.U., ANAND.
10 NOV 2022
INWARD NO. 9539

**M.KIRANCHANDRA**
**Section Officer ( M-3)**
**Agriculture,Farmer Welfare & Co-Operation Department**
**Ph-232 50849**

This message contains confidential information and is intended only for the individual named. If you are not the named addressee you should not disseminate, distribute or copy this e-mail. Please notify the sender immediately by e-mail if you have received this e-mail by mistake and delete this e-mail from your system. E-mail transmission cannot be guaranteed to be secure or error-free as information could be intercepted, corrupted, lost, destroyed, arrive late or incomplete, or contain viruses. The sender therefore does not accept liability for any error or omissions in the contents of this message, which arise as a result of e-mail transmission.

---

Scan_20221110_122336.pdf
3624K

---

**આણંદ કૃષિ યુનિવર્સિટી,**
**આણંદ**

**નકલ સવિનય રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.**

(૧) માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આ.કૃ.યુ. આણંદ તરફ જાણ સારૂ.
(૨) તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓ તરફ.

કુલસચિવ

**જા. નં. આકૃયુ/રજિ/સંકલન/9505 /૨૦૨૨**
**તા.૧૧/૧૧/૨૦૨૨**

**નકલ રવાના:**

(૧) કુલસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી તરફ.
(૨) આ કચેરીની તમામ શાખાઓ તરફ.

લોકસભા/ વિધાનસભાની સામાન્ય/ પેટા ચૂંટણીમાં ચૂંટણી ફરજ પર નિયુક્ત અધિકારી/ કર્મચારીઓને ફરજ દરમિયાન કોવિડ-૧૯ સંક્રમણના કારણે મૃત્યુના કિસ્સામાં રૂ.૩૦.૦૦લાખ ઉચ્ચક સહાય ચુકવવા અને BEL/ECILના એન્જિનીયરોને પણ ચૂંટણી ફરજ પરના સ્ટાફ સમકક્ષ ગણી ઉચ્ચક સહાયના દાયરામાં આવરી લેવા બાબત.

5505

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંક- ઈએલસી/૧૦૨૦૧૪/ઈસીઆઈ-૬૨/છ (એમસીસી)
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૧/૧૧/૨૦૨૨

વંચાણે લીધાઃ

(૧) ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હીનો તા.૦૮.૧૦.૧૯૯૬ના અ.સ.પત્રાંક-૨૧૮/૬/પીએસ/૨
(૨) ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હીનો તા.૧૭.૦૨.૨૦૦૯ના પત્રાંક-૨૧૮/૬/૨૦૦૯/ઈપીએસ
(૩) સા.વ.વિભાગનો તા.૨૮.૦૪.૨૦૦૯નો ઠરાવ ક્રમાંક –ઈએલસી/૨૨૯૬/૧૨૪૭(૨) છ
(૪) ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હીનો તા.૨૫.૦૪.૨૦૧૪નો પત્ર ક્રમાંક પત્રાંક-૨૧૮/૬/૨૦૧૪/ઈપીએસ
(૫) સા.વ.વિભાગનો તા.૨૬.૦૪.૨૦૧૪નો ઠરાવ ક્રમાંક –ઈએલસી/૧૦૨૦૧૪/ઈસીઆઈ-૬૨(૨)/ છ (એમસીસી)
(૬) સા.વ.વિભાગનો તા.૦૭.૦૫.૨૦૧૪નો ઠરાવ ક્રમાંક –ઈએલસી/૧૦૨૦૧૪/ઈસીઆઈ-૬૨(૨)/ છ (એમસીસી)
(૭) ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હીનો તા.૧૦.૦૪.૨૦૧૯ના પત્રાંક-૨૧૮/૬/૨૦૧૯/ઈપીએસ
(૮) સા.વ.વિભાગનો તા.૦૧.૦૫.૨૦૧૯નો ઠરાવ ક્રમાંક –ઈએલસી/૧૦૨૦૧૪/ઈસીઆઈ-૬૨/છ(એમસીસી)
(૯) ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હીનો તા.૨૨.૦૭.૨૦૨૦ના પત્રાંક-૨૧૮/૬/૨૦૨૦/ઈપીએસ (બે પત્રો)
(૧૦) ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હીનો તા.૦૪.૦૫.૨૦૨૨નો પત્ર ક્રમાંક-૨૧૮/૬/૨૦૨૨/ઈપીએસ

**આમુખઃ**

લોકસભા/વિધાનસભાની સામાન્ય/પેટા ચૂંટણી દરમિયાન ચૂંટણી ફરજ પર હોય તેવા અધિકારીઓ/કર્મચારીઓ ઈજા પામે અગર અવસાન પામે તેવા સંજોગોમાં ઈજાગ્રસ્ત અધિકારી/કર્મચારીને તથા સ્વર્ગસ્થ કર્મચારી/અધિકારીના કિસ્સામાં તેમના પરિવારજનને વાજબી અને યોગ્ય ઉચ્ચક વળતર (Ex-gratia Compensation) ચૂકવવા માટેની નીતિ નકકી કરવા માટે વંચાણમાં લીધેલા ક્રમ નંબર-૧ સામે દર્શાવેલા પત્રથી ચૂંટણી પંચ,નવી દિલ્હી દ્વારા સૂચના આપવામાં આવેલી છે. આ અનુસંધાને છેલ્લે, ચૂંટણી પંચના વંચાણે લીધેલા ક્રમ-૭ પરના પત્રથી ઉચ્ચક વળતરની ન્યુનતમ રકમ નકકી કરવામાં આવેલી હતી અને

કર્મચારી/અધિકારીને "ચૂંટણી ફરજ" પર ક્યારે ગણવા તેની વિગતવાર સમજૂતી આપવામાં આવેલ હતી, જે અનુસંધાને, અત્રેથી વંચાણે લીધેલા ક્રમ-૮ પરના ઠરાવથી વિગતવાર જરૂરી હુકમો કરવામાં આવેલ છે.

૨. ઉપર્યુક્ત અનુસંધાને, ભારતના ચૂંટણી પંચ દ્વારા વંચાણે લીધેલા ક્રમ-૯ પરના બે પત્રોથી ચુંટણી ફરજ પરના સમયગાળા દરમિયાન કોવિડ-૧૯ સંક્રમણના કારણે મૃત્યુના કિસ્સામાં રૂ.૩૦.૦૦ લાખ(રૂપિયા ત્રીસ લાખ)ની ઉચ્ચક સહાય ચુકવવાની બાબતનો સમાવેશ કરવા અને EVMsની કામગીરી માટે આવતા BEL/ECILના એન્જીનીયરોને પણ ચૂંટણી ફરજ પરના સ્ટાફ સમકક્ષ ગણી ઉચ્ચક સહાય અંગેની સૂચનાઓના દાયરામાં આવરી લેવા સુચના આપેલ છે. તદઅનુસાર, રાજ્યમાં લોકસભા/વિધાનસભાની સામાન્ય, મધ્યસત્ર, પેટા ચૂંટણી દરમ્યાન કોવિડ-૧૯ સંક્રમણના કારણે મૃત્યુના કિસ્સામાં રૂ.૩૦.૦૦ લાખ(રૂપિયા ત્રીસ લાખ)ની ઉચ્ચક સહાય ચુકવવાની બાબતનો સમાવેશ કરવા અને EVMsની કામગીરી માટે આવતા BEL/ECILના એન્જીનીયરોને પણ ચૂંટણી ફરજ પરના સ્ટાફ સમકક્ષ ગણી ઉચ્ચક સહાય અંગેની સૂચનાઓના દાયરામાં આવરી લેવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. જે અન્વયે કાળજી પૂર્વકની વિચારણાને અંતે , નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ઠરાવઃ-

૩. વિભાગના વંચાણે લીધેલા ક્રમ-૮ પરના તા.૦૧.૦૫.૨૦૧૯ના ઠરાવના મુદ્દાનં-૨ ના કોષ્ટકમાં નીચે મુજબ ઉમેરો કરવામાં આવે છે.

| ક્રમ | વિગત | ઉચ્ચક વળતર (Ex-gratia compensation) |
|---|---|---|
| ૧. | અવસાન | ન્યુનતમ રૂપિયા ૧૫.૦૦ લાખ<br>(અંકે રૂપિયા પંદર લાખ પૂરા) |
| | | ઉગ્રવાદીઓ અથવા અસામાજિક તત્વો દ્વારા આચારવામાં આવતાં હિંસાત્મક કૃત્યો જેવા કે, ભૂમિગત સુરંગ, બોમ્બ ધડાકા, સશસ્ત્ર હુમલા વગેરેને લીધે અવસાન થવાના કિસ્સામાં મૃતકના પરિવાર/ વારસદારને રૂ.૩૦.૦૦ લાખ (અંકે રૂપિયા ત્રીસ લાખ પુરા) |
| | | COVID-19ના લીધે અવસાન થવાના કિસ્સામાં મૃતકના પરિવાર/ વારસદારને રૂ.૩૦.૦૦ લાખ (અંકે રૂપિયા ત્રીસ લાખ પુરા) |
| ૨. | કાયમી અશક્તિ (જેવી કે હાથ/પગ-અવયવો ગુમાવવા/ દ્રષ્ટી ગુમાવવી) | ન્યુનતમ રૂપિયા ૭.૫ લાખ સુધી<br>(અંકે રૂપિયા સાડા સાત લાખ પૂરા)<br>(સરકારી હોસ્પિટલના સક્ષમ તબીબી અધિકારીના તબીબી પ્રમાણપત્રને આધારે) |
| | | ઉગ્રવાદીઓ અથવા અસામાજિક તત્વો દ્વારા આચારવામાં આવતાં હિંસાત્મક કૃત્યો જેવા કે, ભૂમિગત સુરંગ, બોમ્બ ધડાકા, સશસ્ત્ર હુમલા વગેરેને લીધે ઈજા થવાના કિસ્સામાં રૂ.૧૫.૦૦ લાખ (અંકે રૂપિયા પંદર લાખ પુરા) (સરકારી હોસ્પિટલના સક્ષમ તબીબી અધિકારીના તબીબી પ્રમાણપત્રને આધારે) |

૪. EVMsની કામગીરી માટે આવતા BEL/ECILના એન્જીનીયરોને પણ ચૂંટણી ફરજ પરના સ્ટાફ સમકક્ષ ગણી ઉચ્ચક સહાય અંગેની સૂચનાઓના દાયરામાં આવરી લેવામાં આવેલ હોઈ ઉક્ત ફકરા નં-૩ મુજબની જોગવાઈઓ તેઓના કીસ્સામાં પણ લાગુ પડશે.

૫. ચૂંટણી ફરજના સમયગાળા દરમિયાન અધિકારી/કર્મચારીના કોવિડ-૧૯ સંક્રમણના કારણે મૃત્યુના કિસ્સામાં ઉચ્ચક સહાય આપવા માટેની દરખાસ્તના કિસ્સામાં, વંચાણે લીધેલ ક્રમાંક-૧૦ પરના ભારતના ચૂંટણી પંચના પત્ર મુજબ નીચેના સંજોગોમાં સહાય ચૂકવવાપાત્ર થાય છે.

- વ્યક્તિને ચૂંટણી ફરજ સોંપાયેલ હોવી જોઈએ તથા ચૂંટણી ફરજ બજાવેલ હોવી જોઈએ.
- વ્યક્તિની ચૂંટણી ફરજ અને તેને કોવિડ સંક્રમણ લાગુ પડવા વચ્ચે સબળ સંબંધ સ્થાપિત થતો હોવો જોઇએ.
- વ્યક્તિના ચૂંટણી ફરજ બજાવ્યાના ૧૫ દિવસની અંદર તેનો કોવિડ રિપોર્ટ પોઝીટીવ આવેલ હોવો જોઇએ.
- વ્યક્તિનું મૃત્યુ કોવિડને કારણે થયું હોવા અંગેનું હોસ્પિટલનું તબીબી પ્રમાણપત્ર/મૃત્યુનું પ્રમાણપત્ર ઉપલબ્ધ હોવું જોઇએ.

૬. ઉપર્યુકત વિગતે Covid-19ના લીધે અવસાનના કિસ્સામાં સુધારેલ દરે ઉચ્ચક વળતરની ચૂકવણી અંગે તથા ફકરા નં-૪ મુજબના કિસ્સામાં સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧.૫.૨૦૧૯ના સમાનાંકી ઠરાવની અન્ય તમામ જોગવાઈઓ, સૂચનાઓ અને શરતો યથાવત રહે છે.

૭. આ અંગેનો ખર્ચ

- **<u>લોકસભા વિધાનસભાની ચૂંટણીઓ સાથે યોજાય તે કિસ્સામાં</u> :-** માંગણી ક્રમાંક : ૩૧-ચૂંટણી, મુખ્ય સદર: ૨૦૧૫- ચૂંટણી, ૧૦૪(૦૧) લોકસભા અને રાજ્ય વિધાનસભાની ચૂંટણીઓ એક સાથે યોજાય ત્યારે ચૂંટણીના સંચાલન અંગેનું ખર્ચ.
- **<u>લોકસભાની ચૂંટણી યોજાય તે કિસ્સામાં</u> :-** માંગણી ક્રમાંક : ૩૧ — ચૂંટણી, મુખ્ય સદર: ૨૦૧૫ ચૂંટણી- ૧૦૫(૦૧) સંસદની ચૂંટણીના સંચાલન અંગેનુ ખર્ચ.
- **<u>વિધાનસભાની ચૂંટણી યોજાય તે કિસ્સામાં</u> :-** માંગણી ક્રમાંક : ૩૧ — ચૂંટણી, મુખ્ય સદર: ૨૦૧૫- ચૂંટણી ૧૦૬(૦૧)- રાજય વિધાનસભાની ચૂંટણીના સંચાલન અંગેનું ખર્ચ.

  સદર હેઠળ ઉધારવાનો રહેશે.

૮. આ ઠરાવની જોગવાઈઓ <u>ઠરાવની તારીખથી</u> અમલમાં આવશે.

૯. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૦૯.૧૦.૨૦૨૨ની નોંધ તેમજ સરકારશ્રીની તા.૧૦.૧૦.૨૦૨૨ની નોંધથી મળેલી અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એમ. ડી. મુદલિયાર)
ઉપસચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, માન.મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય,ગાંધીનગર.

- સર્વે માન.મંત્રીશ્રી/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના કાર્યાલયો, સચિવાલય,ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો.
- સર્વે કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારીશ્રીઓ/જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- સર્વે ચૂંટણી અધિકારીશ્રીઓ– સંસદીય મતવિભાગ; મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ–સંસદીય મતવિભાગ.
- સર્વે ચૂંટણી અધિકારીશ્રીઓ– વિધાનસભા મતવિભાગ; મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ– વિધાનસભા મતવિભાગ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સચિવાલયના તમામ વિભાગો
- તમામ ખાતાના વડાઓ.
- પગાર અને હિસાબ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણા વિભાગ, ચ.શાખા, સચિવાલય, ગાંધીનગર.
- સામાન્ય વહીવટ વિભાગની તમામ શાખાઓ.
- સિલેકટ ફાઈલ.